# 26

## બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના

* 15/4/2522 : **શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ): **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને ઉક્ત યોજના હેઠળ કયા કારણોસર સમાવેશ કરવાના બાકી છે, અને

(૩) ઉક્ત બાકી ગામોનો ક્યાં સુધીમાં ઉક્ત યોજના હેઠળ સમાવેશ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલા અને બાકી રહેલા તાલુકાવાર ગામોની માહિતી આ સાથે પત્રક–અ અને પત્રક–બ મુજબ છે.

જરૂરી માળખાગત સુવિધા, વીજ પ્રવહન, વીજ વિતરણ વ્યવસ્થા અને સરકારશ્રીના નાણાકીય આયોજનને ધ્યાને લઈ કિસાન સૂર્યોદય યોજનાના અમલીકરણનું આયોજન તબક્કાવાર થયેલ. કોઈપણ જિલ્લામાં "કિસાન સૂર્યોદય યોજના"નો અમલ કરતાં પહેલા લોકલ એરિયાનાં હાલના તેમજ આ યોજનાનો અમલ કરવાથી થતા વધારાના વીજ લોડને ધ્યાનમાં રાખીને પ્રવહન માળખાના સશક્તિકરણની જરૂરિયાત રહે છે.

(૩) ઉક્ત બાકી રહેતા ગામોને દિવસે વીજળી આપવાની જરૂરી કામગીરી ડિસેમ્બર–૨૪ સુધીમાં પૂરી કરવાનું આયોજન છે.

----------

**<u>પત્રક–અ</u>**

**તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં <u>બનાસકાંઠા</u> જિલ્લામાં તાલુકાવાર કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસે વીજળી મેળવતા ગામોની વિગત:**

| ક્ર. નં. | તાલુકો | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સદર યોજના અંતર્ગત સમાવિષ્ટ થયેલ (પૂર્ણ/આંશિક) ગામોની સંખ્યા | | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સદર યોજના હેઠળ સમાવિષ્ટ કરવાના બાકી હોય એવા ગામોની સંખ્યા |
|---|---|---|---|---|
| | | તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામોની સંખ્યા | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામોની સંખ્યા | |
| ૧ | અમીરગઢ | ૧૧ | ૧૧ | ૫૭ |
| ૨ | ભાભર | ૧૨ | ૧૭ | ૩૪ |
| ૩ | દાંતા | ૦ | ૧૦ | ૧૬૯ |
| ૪ | દાંતીવાડા | ૦ | ૦ | ૫૬ |
| ૫ | ડીસા | ૪ | ૪ | ૧૦૯ |
| ૬ | દિયોદર | ૧ | ૧૦ | ૫૩ |
| ૭ | ધાનેરા | ૦ | ૩ | ૭૪ |
| ૮ | કાંકરેજ | ૪ | ૬૧ | ૩૯ |
| ૯ | લાખણી | ૦ | ૦ | ૫૩ |
| ૧૦ | પાલનપુર | ૧ | ૧ | ૧૧૫ |
| ૧૧ | સુઇગામ | ૦ | ૨૭ | ૧૪ |
| ૧૨ | થરાદ | ૦ | ૧૦ | ૧૧૩ |
| ૧૩ | વડગામ | ૦ | ૦ | ૧૦૯ |
| ૧૪ | વાવ | ૦ | ૦ | ૭૩ |

**<u>પત્રક–બ</u>**

**તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસે વીજળી મેળવતા ગામોની વિગત:**

| ક્ર. નં. | તાલુકો | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સદર યોજના અંતર્ગત સમાવિષ્ટ થયેલ (પૂર્ણ/આંશિક) ગામોની સંખ્યા | | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સદર યોજના હેઠળ સમાવિષ્ટ કરવાના બાકી હોય એવા ગામોની સંખ્યા |
|---|---|---|---|---|
| | | તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામોની સંખ્યા | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામોની સંખ્યા | |
| ૧ | ચાણસ્મા | ૭ | ૧૦ | ૪૯ |
| ૨ | હારિજ | ૪૦ | ૪૫ | ૦ |
| ૩ | પાટણ | ૮ | ૧૪ | ૫૨ |
| ૪ | રાધનપુર | ૩૬ | ૪૫ | ૫ |
| ૫ | સમી | ૩૩ | ૩૫ | ૧૮ |
| ૬ | સંખેશ્વર | ૩૬ | ૩૬ | ૦ |
| ૭ | સાંતલપુર | ૧૭ | ૨૩ | ૨૩ |
| ૮ | સરસ્વતી | ૦ | ૧૫ | ૫૮ |
| ૯ | સિધ્ધપુર | ૪ | ૪ | ૪૮ |